તરીકાથી દૂર રહેનાર તરીકે એકરાર કરૂં છું, અને પાક હાવનના વખત, અને તેના હમકાર 'સાવંઘહી' ની સેતાયશ કરૂં છું. તેઓની સાથે, અશો અહુરમજદની, અશો જરતોસ્તની, અશો લોકોનાં ફરોહરોની, ખોરદાદની, અમરદાદની, અઇરયમન નામની બંદગીની, જે હિંમત અને ફતેહ આપનારી, અને ખરાબીઓને તોડનારી છે, મેહેર યઝદની, મીનો રામની, આતશની, નેરીયોસંગ ફરેશતાની, ઢહાપણ ઉપરના મવક્કલ ફરેશતા દામી ઉપમનની હું સેતાયશ કરૂં છું.

રપીથ્વન ગેહનો સાર.

હું એક ખોદાની પરશતેશ કરનાર, જરથોશતી ધર્મ પાળનાર, દેવના તરીકાથી દૂર રહેનાર તરીકે એકરાર કરૂં છું, અને પાક રપીથ્વનના વખત અને તેના હમકાર 'ફ્રાદત-ફષ્વ-જન્તુમ' ની સેતાયશ કરૂં છું. તેઓ-ની સાથે પવિત્ર પાંચ ગાથાઓની, અમશાસ્પંદોની, પાણી, જમીન અને ઝાડપાનની, મીનો ચઝદોની, અશો લોકોના ફરોહરોની, માજદયશની દીનની, માથ્રવાણીની, અરદીબહેશત-ની, આતશની, નેરીયોસંગ ફરેશતાની,

ડહાપણની ઉપરના મવકકલ ફરેશતા 'દામી--ઉપમન'ની હું સેતાયશ કરૂં છું.

ઉજીરન ગેહનો સાર.

હું એક ખોદાની પરસ્તેશ કરનાર, જરથોશતી ધર્મ પાળનાર, દેવના તરીકાથી દુર રહેનાર તરીકે એકરાર કરૂં છું. પાક ઉજીરનના વખત, અને તેના હમકાર 'ફ્રાદત--વીર'ની હું સેતાયશ કરૂં છું, તેઓની સાથે જુદી જુદી ક્રીયા કરનારા ધર્મ ગુરૂઓની, સેતારા, માહતાબ અને ખોરશેદની રોશનીની, સ્વચ્છ પાણીની, પોર્યો-દકેશી (જરથોસ્તની આગમજની)

દીનની, તેજ ઘોડાની ચાલના 'અપામ-નપાત' ફરેશતાની, આતશની, નેરીયોસંગ ફરેશતાની, ડહાપણની ઉપરના મવક્કલ ફરેશતા 'દામી-ઉપમન'ના હું સેતાયશ કરૂં છું.

અઇવીસરૂથરેમ ગેહનો સાર.

હું એક ખોદાની પરસ્તેશ કરનાર, જરથોસ્તી ધર્મ પાળનાર, દેવના તરીકાથી દૂર રહેનાર તરીકે એકરાર કરૂં છું. પાક અઇવીસરૂથરેમના વખત, અને હમકાર 'ફ્રાદત-વીસ્પ હુજ્યાઈતી'ના હું સેતાયશ કરૂં છું. તેઓની સાથે આતશની, પાણી અને ઝાડપાનની,

રવાનના ચઢતા દરજ્જાની, માશ્રવા-ણીની, જરથોશતના ફરમાનો પ્રમા-ણેજ ચાલનારની, આશ્રવનની, રથે-શતારની (લડવૈયા), ખેડુતની, મહોલા, કસબા અને દેશના વડાની, નેક વમારશનાર, નેક બોલનાર, અને નેક કામ કરનાર, દીનદાર જવાનની, બાહબંધીની, મજદયશની જરતોશતી દીનનો ફેલાવો કરનારની, અશો ઘર-ધણીયાણીની, મનશની, ગવશની, અને કુનશનીવાળી, ખાવંદને તાબે-દાર, સાચું બોલનારી, નેક નાર, જેની શિકલ નારી ફરેશતા જેવી હોય છે, તેની, મનશની ગવંશની અને

કુનશ્નીવાળા દીનદાર નરની, બહાદુર ઓરતોની, હિંમત આપનાર ફરેશતા 'અમ'ની, બહેરામ યઝદની, આતશની, નેરીયોસંગ ફરેશતાની, ડહાપણની ઉપરના મવક્કલ ફરેશતા 'દામી ઉપમન'ની હું સેતાયશ કરૂં છું.

ઉષહેન ગેહનો સાર.

હું એક ખોદાના પરશતેશ કરનાર, જરથોશતી ધર્મ પાળનાર, દેવના તરીકાથી દૂર રહેનાર તરીકે એકરાર કરૂં છું. પાક ઉષહેનના વખત અને તેના હમકાર 'બેરૈજ્ય નમાન્ય' ની હું સેતાયશ કરૂં છું. તેઓની સાથે,

અશો શરેષ યજદની, રષ્નુ રાસત યજદની, આસતાદ યઝદની, બામદાદની, સહવારની રોશનીની, અહુરમજદ, બહમન, અરદીબેહેશત, શહરેવર, સ્પંદારમદ અમશાસ્પંદની, 'અપામ-નપાત' ફરેશતાની, આતશની, નેરીયોસંગ ફરેશતાની, ટહાપણની ઉપરના મવક્કલ ફરેસ્તા 'દામી ઉપમન'ની હું સેતાયશ કરૂં છું.

ખોરશેદ નીઆએશનો સાર.

યઝદાનનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. નુરમંદ, ખોરેહમંદ, સર્વજ્ઞ, સાહેબોનો સાહેબ, પાદ-

શાહોનો પાદશાહ, કુલ ખલકતનો પેદા કરનાર, રોજી રજક આપનાર, શક્તિવાન, અનંત, બક્ષેશ આપનાર, રહેમવાળા, દહાપણવાળા, પાક પેદા કરનાર દાદાર અહુરમજદની હું સેતાયશ કરૂં છું. તેની ઈનસાફી પાદશાહી કાયમ હોજો! અમર્ગ, નુરમંદ, તેજ ઘોડાની ચાલવાળો, ખોરશેદ મારી મદદે પહોંચો! ઓ અહુરમજદ! હુ તને ત્રણ મરતબે નમું છું. ખોરશેદ સાથે એક દીલથી કામ કરનારા અમશાસ્પંદોને હું નમું છું. નેક વિચાર, નેક વચન અને

નેક કરણીની હું સ્તુતિ કરૂં છું. બદ વિચાર, બદ સખુન અને બદ કામોનો હું ત્યાગ કરૂં છું. ઓ અમશાસ્પંદો! મારી આરાધના અને સ્તુતિ મારાં ખરાં દીલથી અને જાનથી તમને અર્પણ કરૂં છું. ઉપર પ્રમાણે ભક્તિ-ભાવ દેખાડયા પછી બંદગી કરનાર ખોરશેદની સીફત ગાતાં બોલે છે કે ખોરશેદના ઉગવાથી કુલ જમીન પાક થાય છે, તમામ વહેતાં અને સ્થીર પાણી પાક થાય છે, અને અહુરમજદની તમામ પેદાયશ પાક થાય છે. અગર જો ખોરશેદ નહિ

ઉગે તો બુરી શકિતઓ દુન્યામાં ખરાબી કરે, અને જાનદાર અને જીવ વગરની (ઝાડપાન વગેરે) પેદાયશ ટકી શકે નહિ. ખોરશેદ અંધકારને દફે કરે છે, નાશકારક બીમારીને મારી હટાડે છે, અને જયારે ખોરશેદ પ્રકાશે છે, ત્યારે ચોરો, લુટારાઓ, જાદુગરો, અને પરીઓ લાઇલાજ હોય છે. એ સબબને લીધે જે કોઇ શખશ ખોરશેદની આરાધના કરે છે, તે ગોયા અહુરમજદ અને અમશાસ્પંદોની આરાધના કરે છે, અને મીનો યઝદોને ખુશનુદ કરે છે.

વળી મેહેર યઝદ, જે ખોરશેદના નાપાકીને બાળી ભસમ કરનાર કીરણો ઉપર મવક્કલ છે, તેને તથા આફ્તાબ તથા મહાતાબ વચ્ચે જે ઘાડો સંબંધ છે, તેની હું આરાધના કરૂં છું.

મેહેર નીઆએશનો સાર.

મેહેર યજદ ખોરશેદની, રોશની તેમજ ન્યાય, રાસતી, કોલકરાર, અને દોસતી ઉપર મવક્કલ છે. ખોરશેદની રોશની કુલ જગત ઉપર ફેલાતી હોવાથી મેહેર યજદને બહોળાં ખેતરવાળો, હજાર કાનવાળો, દસ હજાર આંખવાળો, ખુબસુરત, હંમેશ જાગ્રત,

એવાં વિશેષણો લગાડેલાં છે. એ પ્રમાણે મેહેર યજદની સીફત ગાઈને બંદગી કરનાર દુવા ગુજારે છે કે હું ચોતરફ ફેલાયલી ખોરશેદની રોશનીની આફ્રીન કરૂં છું તેમજ સેતારા, મહાતાબ અને ખોરશેદની હુ સેતાયશ કરૂં છું. આરાધના કરવા લાયક, નહિ ઠગાય એવો મેહેર યજદ મારી મદદને માટે, મને ખુશી કરવાને માટે, મારી ઉપર રહેમ કરવાને માટે, મારી તંદરોસતી અને ફતેહને માટે, અને મારા કુટુંબની વૃદ્ધિને માટે પહોંચો!

દોઆ વીસ્પ હુમતનો સાર.

સર્વ ભલા વિચારો, ભલા સખુનો, તથા ભલાં કામો સારી બુદ્ધિથી કરાય છે, અને તે આપણને બહેશત તરફ લઇ જાય છે. સર્વ ભુંડા વિચારો, ભુંડા સખુનો, તથા ભુંડા કામો બુદ્ધિથી કરાતાં નથી, અને તે આપણને દોજખ તરફ લઈ જાય છે.

દોઆ નામ સેતાયશનો સાર.

બખશેશ કરનાર, રહેમ કરનાર, મેહરબાન ખોદાનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. અહુર મઝદ, જે હંમેશ હતો, હુંમેશ છે, અને

હંમેશ કાયમ રહેશે, જે મીનોમાં મીનો, સર્વ શક્તિવાન, પરવરશ કરનાર, રક્ષાણ કરનાર, પોષણ કરનાર, માફી બખશનાર, પાક, ઇનસાફી છે, જે પેદાયશોનો પેદા કરનાર અને અંત લાવનાર છે, તેનો હું આભાર માનું છું. તેણે પોતાની જાતી શક્તિથી તથા દાનાઇથી ચઢતા દરજ્જાના છ અમશાસ્પંદો, રોશન બહેશત, ફરતું આસ્માન, ખોરશેદ, માહતાબ, સેતારા, પવન, હવા, પાણી, જમીન, ઝાડપાન, ગોસપંદ, ધાતુ, અને માણસોને પેદા કર્યાં છે. સવાબકારી

ખોદાની હું આરાધના કરૂં છું, કારણ કે તેણે તમામ પેદાયશોમાં ઇનસાનને વાચા, ડહાપણ અને અક્કલ બખશીને ચઢતા દરજ્જાનું બનાવ્યું છે, જેથી તે દેવોની સામે થઇ તેઓથી દૂર રહી શકે અને ખલકતને સારી રાહ ઉપર ચલાવે. તે પાળણ કરનાર સાહેબે સ્પીતમ જરતોસતની મારફતે શાંતી, દીનને લગતું જ્ઞાન, જાતી અક્કલ, દાનાઇ, તથા પવિત્ર માથ્રવાણી, જેની બરકતથી ઇનસાન ચીનવત પુલ ગુજાર કરીને, દોઝખથી છુટકારો મેળવીને, રોશની-

વાળાં બહેશતમાં જઈ શકે છે, તે મોકલ્યાં. ઓ પાળનહાર સાહેબ! હું દુવા ગુજારૂં છું કે તારાં ફરમાન પ્રમાણે હું પાક માઝદયસની જરતોસતી દીન અખત્યાર કરૂં, અને તેના ફરમાન પ્રમાણે હું વિચારૂં, બોલું અને કામ કરૂં! સવાબનાં દરેક કામ કરવાને હું ઓસ્તવાર રહું! ગુનાહોથી દૂર રહું! મારી પોતાની જાતી કરણીને પાક રાખું! અને મારા જાનને જોર આપનાર છ શક્તિઓ—મનશની, ગવશની, કુનશની, બુદ્ધિ, સમજદારી, અને અક્કલને બદીથી નિરાળી રાખું!

એ સવાબકાર સાહેબ! તારી ખાહેશ પ્રમાણે હું મનશની ગવશની કુનશનીથી તારી ભક્તિ કરૂં, અને મારે માટે બહેશતનો માર્ગ ખુલ્લો કરૂં, કે જેથી મરણ પછી મને દોઝખનો ભારી આઝાબ નહિ પહોંચે, અને ચીનવદ પુલ પસાર કરી તમામ સુખવાળાં બહેશતમાં હું પહોંચું! માફી બખશનાર ખોદાની હું પરસ્તેશ કરૂં છું, જે સવાબનો બદલો આપે છે, અને ગુનેહગારને, જો તેઓ પશ્ચાતાપ કરે તો દોઝખથી છુટકારો બખશે છે. તમામ આગાહીવાળા, સર્વ શકિત-

વાન અહુરમજદની, સાત અમશાસ્પંદોની, ફતેહમંદ બહેરામ યજદની, અને હિંમત આપનાર અમ ફરેસ્તાની હું સેતાયશ કરૂં છું. એ સર્વ મારી મદદે આવો!

નમસ્કાર ચાર દીશાનો સાર.

સર્વ ગુનાહોને માટે હું પસ્તાવો કરૂં છું. આ જગાઓને, શાહેરોને, ખેતરોને, મકાનોને, પાણીઓને, જમીનને, ઝાડપાનને, ધરતીને, આસ્માનને, પવિત્ર પવનને, સેતારાઓને, માહતાબને, ખોરશેદને, બેહદ રોશનીને, તમામ ભલી પેદાયશોને, અને

અશો નર નારીઓને હું નમસ્કાર કરૂં છું.

માહ બોખતાર નીઆએશનો સાર.

દાદાર અહુરમઝદ, અમશાસ્પંદ, તથા ગોસ્પંદની તોખમવાળા માહ-બોખતારને હું નમસ્કાર કરૂં છું. માહતાબ દાદાર અહુરમઝદના હુકમથી પંદર દહાડા વધે છે, અને પંદર દહાડા ઘટે છે. ચાંદરાત તેમજ પુનમના ચંદ્રને હું નમસ્કાર કરૂં છું. અમશાસ્પંદો માહતાબની રોશનીને ટકાવી રાખે છે, અને તે

રોશની પૃથ્વી ઉપર ફેલાવે છે. માહ-તાબની રોશની ઝાડપાનને તાજગી આપે છે. બખશેશ કરનાર, ચળકાટ-વાળા, ખોરેહવાળા, વાદળાં લાવનાર, ગરમીવાળા, લીલોતરી તથા આબાદી પાંથરનાર, અને તંદરોસ્તી આપનાર, ચંદ્રમા ઉપરના મવક્કલ ફરેશતા માહ યઝદની હું સેતાયશ કરૂં છું. ઓ ખોરેહવાળા યઝદો! મને હિંમત અને ફતેહ, ગાય ઢોર, અને શુરાં બચ્ચાં આપો! અમ્પ પાણીઓ, તમારી સેતાયશ કરનાર કીર્તીવંત થાય!

અરદવીસુરનીઆએશનો સાર.

દાદાર અહુરમઝદ સ્પીતમ જરથોસ્તને નિર્મળ તંદરોસ્તી આપનાર, ગલીચી દૂર કરનાર, હુશિયારી લાવનાર, આબાદી ફેલાવનાર, અરદવીસુરની આરાધના કરવાને ફરમાવે છે. એ અરદવીસુરનું પાણી મરદોનાં બુનને સ્વચ્છ કરે છે, ઓરતોને જનમ આપતી વખતે સહેલાઇ કરી આપે છે, માતાઓના ગર્ભસ્થાનને પાક કરે છે, અને તેઓનાં થાનમાં વખતસર દુધ મૂકે છે. એનું પાણી બીજા પાણીઓથી ચઢતું ગણ-

વામાં આવ્યું છે—એવી વિખ્યાત પામેલી અરદવીસુરની હું સેતાયશ કરૂં છું. તે અલબુર્ઝ પહાડમાંથી નીકળી વોઉરૂકશ (Caspian Sea) દરિયામાં પડે છે. જ્યાં જ્યાં અરદ-વીસુર રહે છે, ત્યાં ત્યાં લીલાં લહેર થઇ રહે છે. ઉનાળામાં કે શિઆળામાં તેનું પાણી ખુટતું નથી. અએ અરદવીસુર! યથા, અષેમ, તથા સ્તઓત યસ્ન હું એવી રીતે પઢું, કે જેથી મને ગરોથમાન બાહેશત મળે! મારી આરાધનાથી તું મારા ઉપર મહોબત રાખજે!

આ હાતામચાનો સાર—જે નેક માણસો હાલ હૈયાત છે, અગાઉ થઇ ગયા, અને હવે પછી થશે, તેઓએ ખેતીના વધારાને માટે નહેરોનો વધારો કર્યો હોય, તેઓનાં ફરોહરોને હું યાદ કરૂં છું. હું હુવા ગુજારૂં છું કે દુષ્ટ વિચાર કરનારને, દુષ્ટ શબ્દો ઓચરનારને અને દુષ્ટ કામો કરનારને, ખરાબ દીન પાળનારને, કોઇને દુ:ખ દેનારને, ચોર, લુટારા, જાદુગર, ખુની, મુડદાંને દાટનાર, છંદી, બખીલ, અને ઠગારાને, અરદવીસુરનું નિર્મળ પાણી ફાયદો

નહિ કરે! તેઓની હાણી થજો! જે મને હાણી પહોંચાડવા માગે, તેનેજ હાણી પહોંચજો! અએ પાણીઓ, તમ મને સંપતિ, પોષણ કરનારાં ફરઝંદ, જે બીજાંઓને દુઃખ દેવાની ખાહેશ નહિ રાખે, તે બખશો! ઓ ચઝદો! ઉપર કહી તે કરતાંબી વધારે સરસ અને વધારે કિમતી ભેટ આપો! રાસ્તીના કામ કરનારાઓની ખાહેશ બુલંદ હોય છે.

આતશ નીઆએશનો સાર.

અહુરમઝદની ખુશનુદી હોજો! અએ અહુરમઝદના સૌથી મહાન

આતશ યજદ! હું તુંને નમું છું. બુલંદ આતશ બહેરામના આતશનું, (યા) આદરાનના આતશનું, (યા) દાદગાહના આતશનું ખોરેહ તથા નુર જયાદા થાઓ! ઓ અહુરમઝદ, તું મને પાક કર! હું તાબેદારી અને નમ્રતા અખત્યાર કરૂં! હિંમત અને જ્ઞાન સંપાદન કરવા કાજે મને સારી અક્કલ બખશ! પેગમબર અશો જરથોસ્તની માફક, હું પણ નેક વિચાર, નેક વચન, અને નેક કામો, તેમજ તાબેદારી અને હકુમત તુંને અર્પણ કરૂં! અએ

આતશ, જે કોઈ વિધિપુર્વક ક્રિયા-ઓથી તુંને આરાધે તેને મોટાઇ હોજો! એસમ અને બોએથી તું આરાધનાને લાયક થજે! મારાં ઘરમાં કયામતના વખત સુધી તું બળતો અને પ્રકાશતો રેહજે! અએ આતશ! મને આશાની, લાંબી જીંદગી, પુર સુખ, મોટાઇ, હાપણ, શુભાખિત બોલવું, હુશિયારી, કૌવત, ખડે પગે ઉભું રહેવાની શક્તિ, જાગૃતિ, અક્કલ-મંદ, ઇજતવાળું, સંકટ ટાળનારૂં, મારાં ખાનુદાનને, દેશને, અને ધર્મને શોભા લગાડનારૂં ફરઝંદ બખશ.

અને મને એવી બુદ્ધિ આપ, જેથી
હું નેક થાઉં, અને મને બુલંદ
બહેશત મળે. આતશ આપણું ખાણું
પકાવી આપે છે, તે આપણને સમજ
આપે છે (કે જેમ હું રાખ થઇ
જાઉં છું, તેમ આપણે પણ કોઇ
દહાડો એજ હાલતે પુગીશું). આતશ,
આપણ તેની નજદીક જનારાઓ
તરફથી, પ્રમાણિક મહેનતથી મેળવેલાં
એસમની, અને સુકી, સાફ, કાઠીની
ભેટની આરજુ રાખે છે. જે કોઈ
શખશ આતશને માટે એવી ભેટ
લઈ જાય છે, તેને આતશ ખુશી

થઇને અને તૃપ્ત થઇને દુવા દે છે, કે તારે ત્યાં દોલત અને શુરાં ફરઝંદનો વધારો થજો ! તું ચાલાક મનનો થજે ! તારી જીંદગી ઉદ્યોગી થજો ! જેટલો વખત તું જીવે તેટલો વખત સુખી જીંદગી ગુજરજે !

સેવટે, આદર ગુશસ્પ, આદર ખોરદાદ, આદર બુરઝીન મહેર, અને મીનો કરકો નામના અસલના આતશોનાં ખોરેહ જ્યાદા થાઓ એવી બંદગી કરનાર દુવા ગુજારે છે.

પતેત (અવસ્તાની) નો સાર.

અહુરમઝદની ખુશનુદી હોજો ! પાંચ યથા અહુ વઈર્યો ભણીને મારાથી

થયલા તમામ ગુનાહો માટે હું પસ્તાવો કરૂં છું. સર્વ ભુંડા વિચાર, ભુંડા સખુન, અને ભુંડા કામો જે મેં આ દુન્યામાં વમાસ્યાં હોય, જે હું બોલ્યો હોઉં, જે મારાથી ઉત્પન્ન થયાં હોય, તેને માટે હું મારી મનશની, ગવશની, અને કુનશનીથી પસ્તાવો કરૂં છું. હું એકજ ખોદાની આરાધના કરનાર, જરથોસ્તી ધર્મ પાળનાર, તરીકેનો એકરાર કરૂં છું. અહુરમઝદને ખુશનુદ કરવાને જોરાવર માથ્રના તનવાળા અશો શરોષયઝદની સેતાયશ કરવાને, અને તેને

ખુશનુદ કરવાને જોતી મારી આગળ યથા અહુ વઈર્યો પઢે. સર્વ ભલા વિચાર, ભલા શબ્દો અને ભલાં કામોની હું સ્તુતિ કરૂં છું અને અખત્યાર કરૂં છું, અને સર્વ ભુંડા વિચાર, ભુંડા શબ્દો, અને ભુંડાં કામોનો ત્યાગ કરૂં છું. ઓ અમશાસ્પંદો! તમારી સેતાયશ કરવાને હું મારો જાન અર્પણ કરૂં છું. રાસ્તીને હું વખાણું છું.

પતેત પશેમાનીનો સાર.

તમામ્ નેક વિચાર, નેક વચન, અને નેક કામને હું વખાણું છું,

અને અખત્યાર કરૂં છું. તમામ બદ વિચાર, બદ સખુન અને બદ કામને હું ધિક્કારૂં છું, અને ત્યાગ કરૂં છું. મારાં રવાનના ફાયદાને માટે, અમશાસપંદોની સેતાયશ કરતાં, અગર જો મને મારૂં તન ફીદા કરવું પડે, તો હું તેમ કરૂં. કયામતને દહાડે અહેરેમન અને તેના દેવ દરૂજોના દોરનો છેડો આવશે. જો મારાથી કાંઇ નાનો યા મોટો ગુનાહ થયો હોય, એટલે કોઇને નુકસાન કર્યું હોય, કોઇને ખરાબ શિખામણ આપી હોય, કોઇનું વસીયતનામુ ઉલટાવી

નાખ્યું હોય, ચોરી કીધી હોય, ગરીબોને હેરાન કીધાં હોય, પાળેલાં જાનવરને ભુખે માર્યાં હોય, કોઈને સહેજ યા ગંભીર જખમ કર્યાં હોય, બદફેલી કીધી હોય, જરથોસ્તી ધર્મની ફરજો નહિ બજાવી હોય, મારાં માબાપ, ભાઇ બેન, ફરઝંદ, તથા ખેશીઓ સાથે ગેરવાજબી રીતે ચાલ્યો હોઉં, નસાને આતશ ઉપર મુકયો હોય, અથવા પાણીમાં નાખ્યો હોય, અહુરમઝદની ખાહેશ મુજબ નહિ વમાસ્યું હોય, નહિ બોલ્યો હોઉં, નહિ કામ કર્યાં હોય, ગાય

ગોસપંદ સાથે ઘાટકી રીતે વર્તીને બહમન અમશાસપંદને નાખુશ કર્યો હોય, આતશની પરવરશી નહિ કરીને અરદીબેહેશત અમશાસપંદને નાખુશ કર્યો હોય, ધાતુનો સદ ઉપયોગ નહિ કરીને શહરેવર અમશાસપંદને નાખુશ કર્યો હોય, જમીન ઉપર આજાબ ગુજારીને સપંદારમદ અમ-શાસપંદને નાખુશ કર્યો હોય, પાણીને બગાડીને ખોરદાદ અમશાસપંદને નાખુશ કર્યો હોય, ઝાડપાનની માવજત નહિ લઇને અમરદાદ અમશાસપંદને નાખુશ કર્યો હોય,

ખોરશેદ, માહ સેતારાઓની સેતાયશ નહિ કીધી હોય, જરૂરયાત કીયાઓ નહિ કરાવી હોય, અભિમાની વાપરી હોય, અદેખાઇ કીધી હોય, લોભ લાલચ કીધો હોય, ખોટી સાક્ષી આપી હોય, કુશતી બાંધ્યા વગર ફર્યો હોઉં, લુટફાટ, જાદુ કે જનાકારી કીધી હોય, ગુજરેલાંને માટે હદ બહાર વીલાપ કર્યો હોય, તો તે માટે હું ખરાં યકીનથી પસતાવો કરૂં છું.

જરથોસતી દીનના ફરમાન ઉપર હું ઓસતવાર છુ, જે અહુરમઝદે જરથોસતને શીખવી હતી, જે જરથો-

સતે ગુસતાસપને શીખવી હતી, અને જેને દસતુર આદરબાદ મારેસપંદ નવેસરથી ખાલેશ હાલતમાં મૂકી હતી.

મારાં મરણ બાદ મારૂં રવાન ખુશાલ રહે, તેટલા માટે હું અશોઇ અખત્યાર કરૂં! અહુરમઝદ તરફથી મને સુખ મળે છે તેને માટે તેનું હેશાન માનું છું. સંકટમાં મારાં મનને શાંત રાખું!

પતેત રવાનની નૈયતનો સાર.

(પતેત રવાનનીનો સાર પતેત પશેમાનીના સારને તદન મળતો છે, ફેર એટલોજ, કે બંદગી કરીને

તોજેશ કરનાર જરથોસ્તી, પોતે આ દુન્યામાં કીધેલા ગુનાહો માટે પશ્ચાતાપ કરે છે, જ્યારે પતેત રવાનનીમાં કોઈ ગુજરી ગયલાં ખેશીઓ (ફલાંન) પોતાની હૈયાતીમાં આ દુન્યામાં જે ગુનાહો કીધા હોય, તેની તરફથી, બંદગી કરીને તોજેશ કરનાર જરથોસ્તી પોતે પશ્ચાતાપ કરે છે.)

નમસકાર ચેરાગ તથા આતશનો સાર.

ખુશાલ રહો, ઓ અહુરમઝદ! અહુરમઝદના સૌથી મોટા યઝદ આતશ હું તુંને નમું છું.

વૃદ્ધિ કરનાર તમામ ખલકના સાહેબ અહુરમઝદનું નામ લઈને (હું બંદગી કરૂં છું.)

પ્રતાપી આતશ દાદગાહના આતશનું ખોરેહ જયાદા થાઓ!

નમસ્કાર સુકતાદનો સાર.

તમામ ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. અશો લોકોનાં ભલાં, બહાદુર, વૃદ્ધિ કરનારા ફરોહરોને હમે યાદ કર્યે છીયે.

નમસ્કાર દોખમાનો સાર.

તમામ ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. અશો લોકોનાં ફરોહરોવાળાં

૬૨૦ નમસ્કાર પાણીનો સાર.

ગુજરી ગયલાંઓનાં રવાનોને હમે યાદ કર્યે છીયે.

નમસ્કાર પરવતનો સાર.

તમામ ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. અહુરમઝદના પેદા કીધેલા તમામ પવિત્ર પહાડોને હમો યાદ કર્યે છીયે.

નમસ્કાર પાણીનો સાર.

તમામ ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છુ. અએ પાક, નિર્મળ, અરદ્વીસુર! હમે તમને નમસ્કાર કર્યે છીયે.

નમસ્કાર ઓરવરનો સાર.

તમામ ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. અહુરમઝદના પેદા કીધેલાં ભલાં ઝાડપાનને હમે યાદ કર્યે છીયે.

બાજ અષેમ વોહુ ૧૨૦૦ પઢવાનીનો સાર.

દાદર અહુરમઝદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. અહુરમજદનો ખોરેહ જ્યાદ થાઓ! અશો લોકોનાં ફરોહરો મારી મદદે પહોંચો! તમામ ગુનાહો માટે હું પશ્ચાતાપ કરૂં છું. અહુરમઝદ ખુશનુદ રહે! અહેરેમન તુટેલો થાય! રાસ્તીનાં કામ કરના-

રાઓની ખાહેશ ઘણીજ બુલંદ છે. દાદાર અહુરમઝદની, અમશાસ્પંદોની, અશો લોકોનાં ફ્રોહરોની, આરાધના કરવાને જોતી મારી આગળ યથા અહુવહર્યો પઢે! અહુરમઝદને, અમશાસ્પંદોને, અને અશો લોકોનાં ફ્રોહરોને હમે યાદ કર્યે છીયે.

બાજ યથા અહુ વહર્યો ૧૨૦૦ પઢવાનીનો સાર.

દાદાર અહુરમઝદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. અહુરમજદનું ખોરેહ જયાદા થાઓ! અહુનવદ ગાથા, ઉશતવદ ગાથા, સ્પેન્તોમદ

ગાથા, વોહુખશથર ગાથા, વહીશતો-યશત ગાથા, તથા અશો ફરોહરો મારી મદદે પહોંચો! તમામ ગુનાહો માટે હું પશ્ચાતાપ કરૂં છું. અહુરમઝદ ખુશનુદ રહે! અહેરેમન તુટેલો થાય! રાસ્તીનાં કામ કરનારાઓની ખાહેશ ઘણીજ બુલંદ છે. દાદાર અહુરમઝદની, અમશાસ્પંદોની, અહુનવદ ગાથાની, ઉશતવદ ગાથાની, સ્પેન્તોમદ ગાથાની, વોહુખશથર ગાથાની, વહીશતોયશત ગાથાની, અશો લોકોનાં ફરોહરોની, આરાધના કરવાને માટે ઝોતી મારી આગળ યથા અહુ વઇર્યો

પઢે. અહુરમઝદને, અમશાસ્પંદને, અહુનવદ ગાથાને, ઉશતવદ ગાથાને, સ્પેન્તોમદ ગાથાને, વોહુખશથર ગાથાને, વહીશતોયશત ગાથાને, તથા અશો લોકોનાં ફરોહરોને હમો યાદ કર્યે છીયે. અહુનવર તનને બચાવે છે.

બાજ જમવાનીનો સાર.

બખશેશ કરનાર, ગુનાહ માફ કરનાર, માયાળુ અહુરમઝદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. તે સાહેબે અનાજ, પાણી, ઝાડપાન, રોશનીઆ, જમીન, અને તમામ ન્યામતો પેદા કીધી.

બાજ હાજતનીનો સાર.

ગુનાહો સદ હજાર વખત તુટેલા થાઓ! ભલું વમાસનાર, ભલું બોલનાર, અને ભલુ કામ કરનારાની હમે સ્તુતિ કર્યે છીયે. અહુરમજદ પોતેજ અશોઈ છે, તેને હમે ખરાં દીલથી ચાહીએ છીયે.

દીનના કલમાનો સાર.

બખશેશમંદ, રહેમ કરનાર, મહેરબાન ખોદાતાલાનું નામ દઈને (હું દુવા ગુજારૂં છું કે) મઝદનું પેદા કીધેલું સર્વેથી સાચું પવિત્ર જ્ઞાન (એટલે) ભલી માઝદયસ્નેની દીન

ખુશાલ રેહજો! ભલી, રાસ્ત, તથા ઇનસાફી દીન આપણ માનવીને માટે, આ દુન્યામાં અહુરમઝદ તરફથી પેગમ્બર સાહેબ જરથોસ્ત લાવ્યા છે. એ અહુરમઝદી જરથોસ્તી દીન અહુરમઝદે સ્પીતમ જરથોશ્તને આપી હતી.

દુવા તંદરોસ્તીનો સાર.

બખશેશમંદ, રહેમ કરનાર, મહેરબાન ખોદાતાલાનું નામ દઇને (હું દુવા ગુજારૂં છું.)

લાંબા વખત સુધી જીવવાને માટે તંદરોસ્તીની જરૂર છે. અત્રે અશોઇ

સાથનું ખોરેહ હોજો! મીનો તથા ગેતીના યજદો, અને સાત અમશાસ્પંદો મારી મદદે આવે! આ મારી દુવા તથા મુરાદ બર આવજો! જરતોસ્તની દીન ખુશાલ હોજો! આમીન! ઓ ખોદા! મારા રાજકર્તાને, તમામ અનજુમનને, (ફલાણાને) તેની આળ ઓલાદ સાથે, હજાર વરસ સુધી તું કાયમ, ખુશાલ, અને તંદરોસ્ત રાખ! તેઓને લાંબા જમાના સુધી લાયક માણસોના વડા તરીકે કાયમ રાખ! હજારો આફ્રિન હોજો! સાલ, માહ, રોજ બખતાવર

હોજો! આરાધના, સખાવત અને સવાબકાર કામો કરવાને તું મને ઘણાં વરશો સુધી લાયક રાખજે! મને તંદરોરતી, નેકી, અને સારૂં થજો! મારી દુવા આમીન થાઓ! બલકે તેથીબી વધારે થાઓ! યઝદો અને અમશાશપંદોની મરજી મુજબ મારી દુવા ફળો!

અહુરમઝદ યશતનો સાર.

અશો જરથોશતે અહુરમઝદને પુછયું કે એ હાડમંદ દુનિયાના પાક પેદા કરનાર! કઇ માથ્રવાણી ઘણીજ હિંમત આપનાર, ઘણીજ

ફ્ત્તોહમંદ, વેરીને મારનાર, તંદરોસતી આપનાર અને પાપી, દુઃખ પહોંચાડનારાઓનાં દુઃખને ટાળનાર છે? ત્યારે અહુરમઝદે જવાબ આપ્યો કે મારાં અને અમશાસપંદોના નામો ઘણાંજ હિંમત આપનાર, ફ્ત્તોહમંદ, વેરીને મારનાર, તંદરોસતી આપનાર, અને પાપીઓનાં દુઃખોને ટાળનારાં છે. ત્યારે જરથોશતે કહ્યું કે તે નામો મને કહે, કે જેથી તમામ બુરાઓની બુરાઇને હું તોડી શકું, અને મને કોઈબી દુષ્ટ હેરાન કરે નહિ. ત્યારે અહુરમઝદે તે નામો

જણાવ્યાં.—(૧) સદા હસતીવાળો, (૨) ટોળાંની પાસબાની કરનાર, (૩) સર્વ વ્યાપક, (૪) સર્વેથી સરસ પવિત્રાઇ, (૫) અશોઈના તોખમની તમામ ન્યામત આપનાર, (૬) ડહાપણ, (૭) ડહાપણવાળો, (૮) જ્ઞાન, (૯) જ્ઞાનવાળો, (૧૦) વૃદ્ધિ, (૧૧) વૃદ્ધિ કરનાર, (૧૨) હસતી ધરાવનાર, (૧૩) ઘણોજ ફાયદો કરનાર, (૧૪) દુઃખ નહિ દેનાર, (૧૫) અજીત, (૧૬) સારાં નરસાંનો તોળ કરનાર, (૧૭) સર્વે જોનારો, (૧૮) તંદરોસતી આપનારો,

(૧૯) પેદા કરનાર, (૨૦) મહાજ્ઞાની નામવાળો આ નામો રાત દિવસ પઢવાથી, અહુરમઝદ, અશો ફરોષ, પાણી અને ઝાડ ઉપરના મવક્કલ ફરેશતાઓ, તથા અશો લોકોનાં ફરોહરો આપણી મદદ ને ખુશા-લીને માટે આવે છે અગર જો કોઈ શખસ જાદુગર, પરી વગેરે તમામ બુરી શક્તિઓથી પહોંચતી હાણીઓ ટાળવા ઇચ્છે, તો તેણે રાત દહાડો આ નામો ઉપરાંત બીજાં નામો જે નીચે પ્રમાણે છે, તે ઉઠતાં કે બેસતાં, કુશતી બાંધતાં કે છોડતાં, બહાર

જતાં પઢવાં:—બચાવનાર, બખશનાર, પોષણ કરનાર, મારનાર, મીનો, વૃદ્ધિ કરનાર, આશ્રવન, ઘણાંજ ખોરેહવાળો, બહોળી દ્રષ્ટિવાળો દિર્ઘ દ્રષ્ટિવાળો, મરજી પ્રમાણે હકુમત કરનાર, સર્વ વ્યાપક, સર્વજ્ઞ, નહિ ઠગનાર કે નહિ ઠગાનાર, ઉપયોગી, ઘણોજ ફાયદો કરનાર, સૌથી મોટો પાદશાહ; જેથી તેને કોઇભી બુરી શકિતથી કાંઈ હાણી પહોંચશે નહિ. જે પ્રમાણે એક હજાર માણસ એક માણસની ચોકી કરે, તેમ આ નામો બંદગી કરનારની પાસબાની કરનારાં છે.

(અહુરમઝદ યશતના હવે પછીના ભાગને શુમ થયલી અહમન યશતના ભાગ તરીકે ગણે છે.)

અહુરમઝદના તરીકાવાળાને, અમશાસપંદોની સેતાયશ કરનારને દુ:ખ પહોંચતું નથી. શરૂઆતથીજ દુન્યા અહુરમઝદનાં ડહાપણથી ચાલે છે, અને સેવટ સુધી ચાલશે. હું દુવા ગુજારૂં છું કે અશો માણસ બુરાંને મારે! માથ્રવાણી સમજવાને માટે મારામાં હુશિયારી આવે! અશો જરથોસ્તના પહેલા ચેલા અસમો-

ખન્વતને હું યાદ કરૂં છું. સંપુર્ણ મનશની તથા અશોઇથી ડહાપણ આવે છે.

અહુરમઝદ યશતની નીરંગનો સાર.

ઓ દાદાર અહુરમઝદ! નાશ કરનાર અહેરેમનને હું જેર કરૂં! રશતાખેજ અને તન-પસીન ઉપર મને પક્કો ભરૂસા છે.

અરદીબહેશત યશતનો સાર.

અહુરમઝદની ખુશનુદી હોજો! વૃદ્ધિ કરનાર અહુરમઝદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. તેના

પ્રતાપ તથા ખોરેહ જ્યાદા થાઓ! અરદીબહેશત અમશાસ્પંદ મારી મદદે પહોંચો! સર્વે ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. સર્વે ભુંડાં વિચાર, ભુંડાં વચન, અને ભુંડાં કામને માટે હું મનશની ગવશની, અને કુનશનીથી હું પસ્તાવો કરૂં છું. ઉત્તમ અશોઈ ઉપરના મવક્કલ ફરેસ્તા અરદીબહેશત અમશાસ્પંદની, સુખશાંતી અને નચિંતાઇ આપનાર અઇરયમન ફરેસ્તાની, અને ફાયદો પહોંચાડનાર સઓક ફરેસ્તાની ખુશનુદીને માટે જોતી મારી

આગળ એક યથા અહુ વઈર્યો પઢે. જે નર અરદીબહેશતની ખરા ભાવથી સ્તુતિ કરે છે (એટલે અશોઇના તરીકા પર ચાલે છે) તે અમશાસ્પંદોની સેતાયશ કરે છે, અને પોતાને માટે બહેશતના દરવાજા ખુલ્લા કરે છે. કોઈબી બુરાઈની રાહ ઉપર ચાલનારને માટે બહેશતના દરવાજા બંધ છે. માથ્રવાણીમાં 'અઇરયમ' નામની બંદગી (યજશનનો ૫૪ મો હા) સૌથી મોટી, સૌથી શ્રેષ્ટ સૌથી બળવાન, ફત્તેહ અને તંદરોસ્તી આપનારી છે. તે

પઢીને જે કોઈ અરદીબહેશત અમ-
શાસ્પંદની સ્તુતિ કરે, તે અંગ્રેમઈ-
ન્યુશની તમામ ખરાબીઓને મારી
હટાડે છે. દરદો સારાં કરનારા
વૈદોમાં, અશોઇથી સારૂં કરનાર,
ઈન્સાફથી સારૂં કરનાર, વાઢકાપ
કરીને સારૂં કરનાર, છાળાપાલાથી
સારૂં કરનાર, અને માથ્રવાણી બાણીને
સારૂં કરનાર વૈદો હોય છે, તેઓમાં
માથ્રવાણી બાણીને સારૂં કરનાર શ્રેષ્ઠ છે,
કારણ કે તે અશો માણસના બાતેનને
સારૂં કરે છે, તથા તેના ચિંતાતુર
મનને શાંતી આપે છે. હું હુવા

ગુજરૂં છું કે હું અશોઇના તરીકા ઉપર ચાલું, જેથી દુઃખ દરદ, કવખતનું મોત, સાપ અને વરૂની ખસલતના બદ માણસો, ચુગલી-ખોરો, દુશમનો, બદ નજરવાળા જુઠા માણસો, જાદુ કરનારી ઓરતો, અને ઉત્તર તરફથી ફુંકતો પવન દફે થાય, જેથી અશો લોકોને કાંઈ હલાકી પહોંચે નહિ. અશેમ વોહુની બંદગી નાપાક અહેરેમનની તમામ ખરાબીઓને દફે કરે છે, તથા અહેરેમનની રાહ ઉપર ચાલનારા સર્વે દુષ્ટ માણસોને વશ કરે છે.

અરદીબહેશત યશતની નીરંગનો સાર.

દુન્યાનો સાહેબ દાદાર અહુરમઝદ સર્વ શક્તિમાન, મહાજ્ઞાની. પેદા કરનાર અને સવાબકારી છે. અહેરેમન, દુશ્ટ, અક્કલહીણુ, અને લાઇલાજ છે. જ્યારે અહુરમઝદ પેદા કરનાર છે, ત્યારે અહેરેમન નાશ કરનાર છે. જ્યારે અહુરમઝદ પવિત્ર છે, ત્યારે અહેરેમન નાપાક છે. હું દુવા ગુજારૂં છું કે તે નાશ પામેલો, દફે થયલો, શેકસ્ત પામેલો અને હલાક થાય. જરથોસ્તી

દીન સૌથી અવ્વલ છે. અહુરમઝદ બુલંદ, જોરેમંદ, તથા વૃદ્ધિ કરનાર છે.

શરોષ યશત હાદોખ્તનો સાર.

ફ્રશોહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર, અશો શરોષ યઝદની હમો સેતાયશ કરીયે છીયે. દુન્યાના લોકોને માટે બંદગી સારી છે, સર્વોતમ છે. તે પાપીઓની સામે આપણો બચાવ કરે છે. આપણી બંદગી પાપીઓના હાથ, પગ, અને મોંઢાંને બેડી સમાન બાંધી લે છે. પાક યકીનથી, અને ખરાં જીગરથી કીધેલી બંદગી ઇનસાનને માટે નાપાકીની સામે એક

ઢાળ સમાન છે. અશો શરોષ યઝદ ગરીબોનું પોષણ કરનાર, તથા દરૂજીને તોડનાર છે. બંદગીના કલામ ભણનાર અશો માણસને હંમેશાં ફત્તેહ મળે છે. પવિત્ર માથ્રવાણી પઢવાથી બુરી શક્તિઓ દૂર થાય છે. એ પવિત્ર માથ્રવાણીમાં 'અહુનવર'નો કલામ દરેક બાબદમાં ઘણાજ ફત્તેહ આપનાર છે. માઝદયસ્ની જરથોસ્તી દીન સચ્ચાઇનો રક્ષક છે. જ્યારે કોઇ નર અથવા નારી ઉંડાં પાણીમાં પડે, અથવા તેની ઉપર કાંઇ આફત આવી પડે, અથવા તે અંધારી

ધુમસવાળી રાતે ઘેરાઇ જઇ, આડા-તીડા રસ્તે ભૂલો પડે, અથવા તે અશો માણસોની મીજલસમાં જાય, કે પાપી લુટારાઓની ટોળીના હાથમાં સપડાય, ત્યારે એવા ભયની વખતે, તે જો ખરા એતેકાદથી 'અહુનવર' પડે, તો તેને કશી અલવલ આવતી નથી, પણ સામું તે લુટારાઓના, દેવોના, અને જાદુગરોના મોંઢાં બંધ થઇ જાય છે. જે પ્રમાણે કુતરો પશુઓની પાસબાની કરે છે, તેજ પ્રમાણે મનશની, ગવશની અને કુનશનીથી શ્રાવેલી શરોષની સેતાયશ

આપણી પાસબાની કરે છે. અશો શરોષ યઝદ દુષ્ટ નર નારીઓને મારી હટાવે છે, અને તમામ કુદરત કેશવરમાં વૃધ્ધિ ફેલાવે છે; તે રાત દીન તમામ દુન્યાની પેદાયશની પાસબાની કરે છે; તે દોસ્તી અને સલાહ સંપજ બજાવનારે છે, અને દીનની રાહબરી કરનાર છે. અશો શરોષ યઝદ 'એશમ,' યાને ગુસ્સાના દેવનો બળવાન હરીફ છે. તે મેહેર, રશને, અપીશવંગ, અને આસ્તાદ યઝદો ભેગા સલાહસંપજ ફેલાવે છે, અને લડાઇ ટંટો નાબુદ કરે છે.

જે ઘરમાં અશો માણસ, મનશની, ગવશની અને કુનશનીથી, શરોષ યઝદની આરાધના કરે છે, તે ઘરની પાસબાની થાય છે. અશો શરોષના તેજ અને પ્રતાપને લીધે, તેની ફત્તેહ અને કીર્તીને લીધે, તેની મદદ માંગવી, તેની આરાધના કરવી, અને પેગમ્બર સાહેબ જરથોસ્તના તમામ કલામો પઢવા સજાવાર છે.

શરોષ યશત હાદોખ્તની નીરંગનો સાર.

એજમતી હથિયારવાળા, ફતેહમંદ અશો શરોષ યઝદ, જેનું તનજ

માથ્રવાણી છે, તેનું નુર અને પ્રતાપ જ્યાદા થાઓ! ઓ શરોષ યઝદ! મારી મદદે પહોંચ! જે મેં દુવા ગુજારી છે, તે મને આમીન થાઓ!

શરોષ યશત વડીનો સાર.

ફતેહમંદ, દુન્યાની વૃદ્ધિ કરનાર, અશો શરોષ યઝદે સૌથી પહેલાં બરસમની ક્રીયા કરીને દાદાર અહુરમઝદ, અને અમશાસપંદોની આરાધના કીધી, તેઓની ખુબીઓ ગાઈ, પેગમ્બર સાહેબ જરથોસ્તના પાંચ ગાથા ગાયા, અને તેઓને ખુશનુદ કીધા. અશો શરોષ યઝદ

મુફલેસ નર નારીઓનો બચાવ કરે છે. તે એશમ યાને ગુસ્સાના દેવને મારી હટાડે છે, તે તમામ બુરાઈને માટે ભય સમાન છે. તે તમામ બુરાઈને તારાજ કરીને અમશાશપંદોની સંઘમાં આને છે તે ઘણોજ દ્રઢ, ચાલાક, અને સાહસિક હોવાથી, હરેક ઈનસાને તેની આરાધના કરવાને માટે હંમેશ ખાહેશ રાખવી, કે જેથી તે મદદે આવે. જે ઘરમાં અશો માણસથી શરોષની આરાધના થતી હોય, જે ઘરમાં શરોષ ખુશનુદ થયલો હોય, તે ઘરમાંથી તમામ નાશ-

કારકે વીઘ્નો દુર રહે છે. અશો શરોષનાં તેજ અને પ્રતાપને લીધે, આબાદી ફેલાવનાર, તંદરોસ્તી બખશનાર, સોહામણા હોમ યઝદે શ્રેષ્ઠ માથ્રવાણીના કલામ પઢીને અલબુર્ઝ પાહાડની સૌથી ઉંચામાં ઉંચી ટોંચ ઉપર તેની આરાધના કીધી. શરોષ યઝદના ખોરેહ અને પ્રતાપને લીધે. તેના ફતેહ અને કીર્તીને લીધે, તેના મદદ માગવી, તેની આરાધના કરવી. અને પેગમ્બર સાહેબ જરથોસ્તના તમામ કલામો પઢવા સઝાવાર છે. અહુનવર, હપતન યશત, અને યેંઘહે

હાતામના કલામો ગોયા શરોષનાં હથિયાર છે. અશો શરોષનું ઘર અંદરથી પોતાની મેળે પ્રકાશતું, બાહારથી સેતારાઓથી શણગારેલું, અલબુર્ઝ પહાડની સોથી ઉચી ટોંચ ઉપર આવેલું છે. અશો શરોષ યઝદની બરકતથી, અમશાશપંદો હફત કેશવર જમીન ઉપર ઇનસાનની મદદે આવે છે. શરોષ યઝદ આ હાડમંદ દુન્યા ઉપર એક દીનના દસ્તુરની માફક નેઘાહ રાખે છે, તેમજ મીનોઇ દુન્યામાં રવાનની પાસબાની કરે છે. આપણુ ઇનસાન દુવા

ગુજાર્યે છીયે કે હુમલો કરતી બીમારીઓથી, હદબહારના ગુસ્સાની ખરાબીથી, શરોષ યઝદ આપણું રક્ષણ કરે, આપણાં તનને મજબુતી આપે, અને અદેખા વેરીઓને જેર કરવાની આપણને શક્તિ આપે, શરોષ યઝદ ચાર સેતાબ ચાલના, સોહામણા ઘોડાઓની રથમાં, પુર્વ તરફ હિંદુસ્તાનથી પોતાનો માર્ગ લઇને પશ્ચિમ તરફ જાય છે. તે ઘોડાઓ પવન, વાદળાં અને વરસાદ કરતાં પણ વધારે સેતાબ ચાલનાં હોય છે. એક ઝડપથી ઉડનારાં પંખીનાં કરતાં

પણ વધારે સેતાબ ચાલનાં હોય છે, એક તીરના કરતાં પણ વધારે સેતાબ ચાલનાં હોય છે. અશો શરોષ યઝદ દેવોની સામે હંમેશા કમર કસી રાખે છે, અને અહુરમઝદની પેદાયશનું રક્ષણ કરે છે. દુષ્ટ અહેરેમનને મારવાને માટે, એશમ દેવને મારવાને માટે, અને તમામ જાતની બુરાઇઓને મારી હટાડવા માટે, અશો શરોષ યઝદ ખનીરથ કેશવરમાં દિવસના ત્રણ વખત, અને રાતના ત્રણ વખત આવે છે.

શ્રોષ યશત વડીની નીરંગનો સાર.

અશો શરોષ યઝદનું નુર અને ખોરેહ જ્યાદા થાઓ! તે ફતેહમંદ થાઓ! તે રવાનોનો નેગેહબાન છે, અને ઇનસાનોનો પાસબાન છે; દુન્યાની તમામ પેદાયશોને, ઇરાનના વતનીઓને, ભલી દીન પાળનારાઓને, જરથોસ્તીઓને, અને હફ્ત કેશવર જમીન ઉપરના તમામ નેક માણ-સોને અશો શરોષ યઝદની પનાહ હોજો!

વનંત યશતનો સાર.

અહુરમજદની ખુશનુદી હોજો! વૃદ્ધિ કરનાર અહુરમજદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. તેના પ્રતાપ તથા ખોરેહ જ્યાદા થાઓ! અહુરમજદનો પેદા કીધેલો પાક વનંત સેતારો (દક્ષિણ દીશાએ આવેલા સેતારાઓમાં મુખ્ય સેતારો: એ બૃહસ્પતીનો હરીફ છે) મારી મદદે પહોંચો! સર્વે ગુનાહો માટે હું પશ્ચાતાપ કરૂં છું. તમામ ભુંડા વિચાર, ભુંડા સખુન અને ભુંડા કામોને માટે હું મનશની, ગવશની,

કુનશાનીથી પસ્તાવો કરૂં છું. ધિક્કા-
રવા જોગ, અહેરેમનની ખસલતના
ખરફસતરોને દફે કરવાને માટે હું
મશહુર વનંત સેતારાની આરાધના
કરૂં છું. તમામ ઉંદર બિલાડીની
ઓલાદના જાનવરો, સાંપની ખસ-
લતનાં જાનવરો, અને વરૂની ખસ-
લતનાં જાનવરોના મોંઢાં, અહુર-
મજદનું નામ લઇને, તથા આથવ્યા-
નના છોકરા ફરેદુનનું નામ લઇને,
(પાદશાહ ફરેદુન નીરંગોના વિદ-
વાન હતો, અને તે પઢીને પોતા
ઉપર "આવતી બલાને" દફે કરી

શકતો હતો) હું બાંધું, જેથી તે નુકસાન કરે નહિ.

વનંત યશતની નીરંગનો સાર.

તમામ બળા, દેવ દરૂજ, પરી, જાદુગરો, ખરાબ પવન, શરીરના સાંધાનું કળતું, હેરેમનની ખરાબી, નાસીપાસી, મનની બેચેની, બેજ્તનુ દરદ, બદ માણસોની નજર, એવી એવી તમામ બળા દફે થજો!

મોટી હપતન યશતનો સાર.

અહુરમજદની ખુશનુદી હોજો! બુધ્ધિ કરનાર અહુરમજદનું નામ લઈને હું બંદગી શરૂ કરૂં છું.

તેના, પ્રતાપ તથા ખોરેહ જ્યાદા થાઓ! સાત અમશાસ્પંદો મારી મદદે પહોંચો! સર્વે ગુનાહ માટે હું પશ્ચાતાપ કરૂં છું. સર્વે બુંદા વિચાર, બુંદા વચન, અને બુંદાં કામને માટે હું મનશની, ગવશની અને કુનશનીથી પસ્તાવો કરૂં છું. ખોરેહવાળા અહુરમજદની, જાતી અક્કલ અને કાને સાંભળેલી અક્કલ ઉપરના મવક્કલ ફરેસ્તા બહમન અમશાસ્પંદની, અરદીબહેશત અમશાસ્પંદની, અહરયમન ફરેસ્તાની, બહોળી નજરવાળા સઓકે ફરેસ્તાની,

ધાતુ ઉપરના મવક્કલ ફરેસ્તા શેહરેવર અમશાસ્પંદની, સારી બખશેશ આપનાર સ્પંદારમદ ફરેસ્તાની, વરસને બરાબર વખતે લાવનાર ખોરદાદ અમશાસ્પંદની, ગાયઢોરની વૃદ્ધિ તેમજ અનાજની આબાદી, તેમજ ગઓકરેન (સફેદ હોમ) ની ઉપરના મવક્કલ ફરેસ્તા અમરદાદ અમશાસ્પંદની, સેતાયશ કરવાને જેતી મારી આગળ યથા અહુ વઇર્યો પઢે. એ અમશાસ્પંદોને હમો આરાધીએ છીએ. જે શખસ અમશાસ્પંદોને આરાધે છે તે પુરી શક્તિ-

ઓની સામે થઈ શકે છે, તેથી હું દુવા ગુજારૂં છું કે અમશાસ્પંદોની આરાધના કરી હું તે શક્તિઓને વશ કરૂં! બેઉ દુન્યાનું સુખ મેળવવાને હું સૌથી સરસ અશોઇ પસંદ કરૂં! સખાવત તથા નેકીના કામ કરૂં જેથી મને સુખ અને આબાદી પ્રાપ્ત થાય! અહુરમજદ જે પોતેજ સૌથી ઉત્તમ અશોઇનું સ્વરૂપ છે, તેની સેવામાં હું મશગુલ થાઉં! કારણ કે અહુરમજદની સેતાયશ બીજી બધી સેતાયશ કરતાં ઘણી ચઢીયાતી છે, અને તે દાદારની

સેતાયશ, અને તેની પેદાયશોની પરવરશી માણસને માટે ઉત્તમ છે. નેકીથી ચાલનાર નાચારોને મદદ કરવાથી બેઉ દુન્યાનુ સુખ હાંસલ થાય છે. અએ અહુરમઝદ! સર્વે નાપાકીને ભસમ કરનાર આતશની સેતાયશ મારફતે નેકી અને અશોઈની રાહ ઉપર ચાલીને હું તુંને પહોંચું! મારાથી આતશ ખુશ થાય, અને મારી મુરાદ બર લાવે! આતશ અહુરમજદનું સ્વરૂપ છે, તેમજ આરશેદ પણ અહુરમજદનું સ્વરૂપ છે. દાદાર અહુરમજદે જનાવર, અનાજ, પાણી,

ઝાડપાન રોશની, અને જમીન પેદા કીધી, તેની હું દીલોજાનથી સેતાયશ કરૂં છું. સુખાકારી, પવિત્રાઇ, વૃદ્ધિ, નેક મનશની, સાલેસાઇ, સારી ઈચ્છા, આબાદી, સારી શિખામણ વગેરે ભલા ગુણોના હું વખાણનાર થાઉં! આબાદી પાથરનારાં, ગલીચી દુર કરનારાં પ્રાણીઓનો હું વખાણનાર થાઉં! પશુઓ માણસના પોષણને માટે છે, તેઓનાં રવાના તરફ હું માનની નજરે જોઉં! જે નેક માણસોના દીલમાં અમશાસ્પંદોના ગુણો હોય, તેઓને હું વખાણું! દાદાર

અહુરમજદે જે જે વિચાર્યું, જે જે બોલ્યા, અને જે જે કીધું, તે ઇનસાનની સારાંનેજ કાજે છે, માટે તાબેદારીથી હું તેની સનમુખ પહોંચ્યું. હું દુવા ગુજારૂં છું કે નેક દીનદારોને જે બદલો અહુરમજદે આપ્યો છે તે મને પણ મળે જેથી હું હંમેશ સુધી અહુરમજદની દોસ્તીમાં રહું! હું પોતે રાસ્ત અને ખાલેસ થાઉં અને અહુરમજદની પસંદગી પામું. અએ અહુરમજદ! એક ભલો રાજકર્તા, પછી તે મરદ હોય કે ઓરત હોય, તે હમારી

ઉપર પાદશાહી કરે! અએ અહુર-
મજદ! તું મારાં શરીરની રગેરગમાં
હોજે! તારી સેતાયશ કરવામાં હું
ખુશાલી માનું, તારી ઉપર પ્રિતી
રાખું, અને તારીજ ઉપર મદાર
બાંધું! અએ અમશાસપંદો! હપ-
તન યશત પઢીને હમે તમારી
સેતાયશ કરીયે છીયે. પાણીના ઝરા,
પાણી ઉપરથી પસાર થવાના માર્ગો,
રસ્તાઓ, ઉગતો અનાજ, જમીન,
આસ્માન, પવન, વોઉરૂકશ દરિયો,
અને તેની વચમાં ઉભું રહેનાર
અશો ખર, દુઃખને મારી હઠાડનાર

લીલા હોમનો પાળો, એવી એવી સારી પેદાયશોને હમે વખાણીયે છીયે. હું દુવા ગુજારૂં છું કે જરથોસ્તી ધર્મના ફેલાવો કરવાને જે આથ્રવન બીજા દેશોમાં મુસાફરી કરે તેઓ પોતાની મુરાદમાં પાર પાડે

બહેરામ યશતનો સાર.

આહુરમજદનો પેદા કીધેલો બહેરામ યજદ મીનો યજદોમાં સૌથી ફતેહમંદ છે. તે ઘણોજ હિંમતવાન, ઘણોજ ખોરેહવાળો, ઘણોજ ફાયદો આપનાર, ઘણોજ તંદરોસ્તી બખશનાર, અને બુરાઓની અને જાદુ-

ગરોની ખરાબીઓને ઘણોજ તોડનાર છે. જે શખસ ફત્તેહમંદ બહેરામ યઝદને ખરાં દીલથી આરાધે છે અને કોઈબી સંકટની વખતે તેની મદદ ચાહે છે, તેનું સંકટ તે ટાળે છે, અને તેને ફત્તેહ આપવા માટે તે જુદે જુદે વખતે જુદાં જુદાં રૂપમાં આવે છેઃ—

૧. ખુશનુમા પવનના રૂપમાં ઉડતો.
૨. શોહામણા, પાળા કાનવાળા, સોનેરી શીંગડાંવાળા ગોધાના રૂપમા.
૩. ઝીરમજી રંગના, શોહામણા,

પીળા કાનવાળા, સોનેરી કપાળવાળા ઘોડાના રૂપમાં.

૪. ભારબરદારી, ઝડપી, કૌવતમંદ, લાંબા વાળવાળા, મોટી ખુંધવાળા, તીક્ષણ નજરવાળા, ઉંટના રૂપમાં, જે અંધારી રાતે ઘોડાની માફક દૂર સુધી જોઈ શકે છે.

૫. તિક્ષણ દાંતવાળા, તિક્ષણ ખરીવાળા, છેડાયલા ભુંડના રૂપમાં.

૬. ખુબસુરત, ચળકતી આંખવાળા, ભરે જુવાન માણસનાં રૂપમાં.

૭. તીર કરતાં પણ વધારે ઝડપથી ઉડનાર 'વારઘ્ન' પક્ષીનાં રૂપમાં, ઝગઝકળાંવાળી બામદાદની વખતે.

૮. જંગલી, સોહામણા, વાંકાં શીંગડાંવાળા, મેંઢાંના રૂપમાં.

૯. ટક્કર લગાવનાર, તીક્ષણ શિંગડાંવાળાં, શોહામણા, બકરાના રૂપમાં.

૧૦. સોનાના મુઠવાળી, પેચવાળી, તલવાર રાખનાર, પહેલવાનના રૂપમાં.

બહેરામ યઝદ મરદાનગી આપનાર, વૃદ્ધિ કરનાર, દ્રઢ, અને સારાં

કૌવતવાળો છે. પેગમ્બર અશો જરથોસ્તે વિચાર, વચન, કામ, અને હાજર-જવાબીમાં ફત્તેહ મેળવવાને માટે બહેરામ યઝદની આરાધના કીધી, તેથી બહેરામ યઝદે અશો જરથોસ્તને સચાઇ, બન્ને બાજુનું કૌવત, તંદરોસ્તી, તનનું સુખ, અને 'કર' નામની માછલીના જેવી તીક્ષણ જોવાની શક્તિ બખશી, જે 'કર' માછલી ઉંડાં પાણીમાં એક વાળ જેટલા પાતળા મોજાંને પણ જોઇ શકે છે—એક ઘોડો અંધારી-ઘોર, વાદળાંવાળી રાતે, જેવી તીક્ષણ

જોવાની શક્તિથી જમીન ઉપર પડેલો વાળ જોઇ શકે છે, તેવીજ શકિત બહેરામ યઝદે અશો જરથોસ્તને બખશી-એક સોનેરી કાંઠળાવાળું ગીધ ઘણીજ ઉંચાઇથી એક ગોસ્તના ટુકડાને જે તીક્ષણ જોવાની શક્તિથી જોઈ શકે છે, તેવી જોવાની શકિત બહેરામ યઝદે અશો જરથોસ્તને બખશી. 'પેશો-પરેન' નામનાં પક્ષીનાં પીંછાં પોતાની પાસે રાખીને બહેરામ યઝદની આરાધના કરનાર શખશ ઉપર જાદુ અસર કરી શુકતું નથી, અને દુશમન તેને હેરાન કરી શકતો

નથી, અને ગમે તેવા જોરેમંદ શખસથી તેને અલવલ આવતી નથી. ઉલટું તે પીછ રાખનારથી બધા ડરે છે. તે પીછનો કરામતી ફાયદો કએકાઉસ અને કએખુશરૂ પાદશાહોએ હાંસલ કર્યો હતો. ઘોડા અથવા ઉંટ ઉપર સવાર થઇને મુસાફરી કરતી વખતે કે દરિયાઈ સફરમાં, એ પીછની એજમતી બરકતની પીછાણ કરવામાં આવતી હતી. ફરેદુન પાદશાહે ત્રણ માથાંવાળા અને હજાર ફરેબવાળા પાપી ઝોહાકને માર્યો હતો, તે એજ પીછાંની

બરકતથી. જે પ્રમાણે એક મોટું શાહમુર્ગ પક્ષી પોતાની પાંખથી, તથા વાદળાં પોતાની છાયાથી, પહાડોને ઢાંકી નાખે છે, તેજ પ્રમાણે બહેરામ યઝદ પોતાનાં ખોરેહથી આરાધના કરનારને પોતાની પનાહમાં લે છે. તે એક જગાએ બે લશકર સંફ સમારીને એક બીજાંની સામે ઉભાં રહે, ત્યારે જે લશકર તે 'પેષો-પરેન' પક્ષીનાં પીછાં ધરાવે છે, અને બહેરામ યઝદની આરાધના કરે છે, તેની તરફ ફત્તેહ અને હિંમત જાય છે, અને તે સામાં લશકરને

શીકસ્ત આપે છે. માથ્રના એજમતી, હિંમત આપનારા, ફત્તેહ અપાવનારા, તંદરેસ્તી આપનારા કલામ, બાપ, ભાઇ, અથવા ગરીબનું પોષણ કરનાર આથ્રવન શિવાય બીજા કોઇને શીખવવા ઘટતા નથી. બે લશકર સંફ સમારીને ઉભાં રહે, ત્યારે કોલ તોડનાર, અને સચાઇના નાશ કરનારને બહેરામ યઝદ શીકસ્ત પહોંચાડે છે. બરસમ પાંથરીને, અને ચોકખાઇથી પકાવીને, બહેરામ યઝદની નૈયતે ખાણું ઇજાવે, તે બહેરામ યઝદની સૌથી લાયક આરાધના કહે-

વાય છે. કોઇપણ પાપી માણસથી, બદકાર ઓરતથી, ગાથા ગાઇને નહિ ભણનારથી, અને દીન દુશમનથી, બહેરામ યઝદની નેયતે ઇઝદ-યહુ ખાણું ચાશણી થઈ શકે નહિ. જો ઉપલા બદકારો ચાશણી કરવા પામે, તો બહેરામ યઝદ દેશ ઉપર સંકટ વરસાવે છે. દાખલા તરીકે, ખરાબીના પ્રસાર કરનાર દેવ અને દેવ યસ્નીઓ આતશ ઉપર ખરાબ જાતનાં લાકડાં લઈ જઈને આરાધના કરે છે, પણ તેઓ પોતાની બુરાઇમાં નિષ્ફળ નીવડે

છે, અને તેઓની અક્કલ અને જોવાની શક્તિ નબળી પડે છે. બહેરામ યઝદની આરાધના કરવાથી લડાઇમાં ફત્તેહ મળે છે, તેમજ વળી ક્રિયા કરીને પાક કીધેલો હોમ પીવાથી પણ દુશમન લડાઇમાં આજેજ થાય છે. બહેરામ યઝદની ખુશનુદીને માટે ગાય ગોસ્પંદનું રક્ષણ કરવું, તેઓને પુરતો ખોરાક આપવો, તેઓની ઘટતી બરદાસ્ત કરવી, તેઓ પાસ હદથી જ્યાદા કામ નહિ લેવું. કારણ કે તેઓ આપણાં પોષણને માટે ઘણા ઉપયોગી છે.

સારાંશ કે બહેરામ યઝદની સેતાયશ દુશમનનું જોર તોડી નાખે છે, અને દુષ્ટ માણસો, જાદુગરો, અને પરીઓનો દોર તોડી નાખે છે, અને તેઓને આંખે, કાને, અને હાથે, પગે અશકત કરે છે.

નાની હોમ યશતનો સાર.

અહુરમજદની ખુશનુદી હોજો! વૃદ્ધિ કરનાર અહુરમજદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. તેના પ્રતાપ તથા ખોરેહ જ્યાદા થાઓ! હોમ યઝદ મારી મદદે પહોંચો! સર્વે ગુનાહો માટે હું પસ્તાવો કરૂં

છું. તમામ ભુંડાં વિચાર, ભુંડાં વચન, અને ભુંડાં કામને માટે હું મનશની, ગવશની, અને કુનશનીથી પશ્ચાતાપ કરૂં છું. બુલંદ, લીલાં, આબાદી તથા વૃદ્ધિ કરનાર, દરદને પાછળ હટાવનાર હોમની હું આરાધના કરૂં છું. અએ લીલાં હોમ! તારી પાસે હું ડહાપણ, હિંમત, ફતેહ, તંદરોસ્તી, આબાદી, વૃધ્ધિ, દોવત, અને મોટાઇ માગું છું. જેથી તમામ દેવ, જાદુગર, પરી, વગેરે. બુરી શક્તિઓની ખરાબીને હું તોડું.

નાની હોમ યશતની નીરંગનો સાર.

હોમ અને બરસમ વડે, તથા ભલી માજદયસ્ની, જરથોસ્તી દીનની બરકતથી તમામ દેવ દરૂજે, અને જાદુગરોનાં કાલબુદને હું ભાંજુ.

ગુજરેલાંની યાદને માટે ભણવાના કરદાનો સાર.

વૃદ્ધિ કરનાર દાદાર અહુરમઝદનું નામ લઇને હું બંદગી શરૂ કરૂં છું. તેના ખોરેહ તથા પ્રતાપ જ્યાદા થાઓ! અશો લોકોનાં ફરોહરો (આત્માની રાહબરી કરનારી શક્તિ(

આ ભણુતર આગળ પહોચ્યો! તમામ ગુનાહો માટે હું પશ્ચાતાપ કરૂં છું. સર્વે ભુંડા વિચાર, ભુંડાં વચન, અને ભુંડાં કામને માટે હું મન-શની, ગવશની, અને કુનશનીથી પસ્તાવો કરૂં છું.

અશો લોકોના ભલાં, બહાદુર, વૃદ્ધિ કરનારાં ફરોહરોને હું વખાણું છું, હું બોલાવું છું, અને યાદ કરૂં છું. તમામ ફરોહરોમાંથી સૌથી પહેલાં દાદાર અહુરમઝદનું ફરોહર, જે સર્વેથી મહાન, સર્વેથી સરસ, સર્વેથી શ્રેષ્ઠ, ઘણુંજ જોરાવર,

અક્કલમંદ, સવાબકાર, તથા અશો-ઈમાં સૌથી ચઢીયાતું, તેને અહિંયા હમો આરાધીયે છીયે.

બુલંદ દરજ્જાના, હકુમત કરનારા, મદદે પહોંચનારા, અમર અમશાસ્પંદોનાં ફરોહરોને હમો આરાધીયે છીયે; પેગમ્બર અશો જરથોસ્તની આગમજના ખોદાઈ રાહપર ચાલનારાં નર નારીઓ, જેઓએ અશોઇને ખાતર જેહમત ઉઠવી હતી, તેઓનાં ફરોહરોને હમો આરાધીયે છીયે.

ગયોમર્દના, સ્પીતમાન જરથોસ્તના, કએ ગુશતાસ્પના, એસદ-

વાસ્તરના (જરથોસ્તનો દીકરો), જેઓએ અશોઇને ખાતર જેહમત લીધી હતી, તેઓનાં ફરોહરોને હમો આરાધ્યે છીયે. ગુજરી ગયલાં અશો માણુસોનાં, જીવતાં તથા હવે પછી જનમ લેનારાં અશો માણુસોનાં, તેમજ રસ્તાખેજ કરનારા શોષ્યોસનાં ફરોહરોને હમો આરાધ્યે છીયે. ગયોમર્દથી શોષ્યોસ સુધીનાં તમામ અશો નર નારીઓનાં ફરોહરોને હમો આરાધીયે છીયે.

નેક વિચાર, નેક વચન, અને નેક કામથી હું જે ક્રિયા કરૂં છું, તે

અશો ફરોહરોને પહોંચો! એ કામ બરાબર પાર ઉતરે! ભલી માઝદ-યસ્ની દીનનો પ્રતાપ તમામ હફ્ત કેશવરમાં ફેલાજો! આ શહેરનાં લોકોને ફતેહ તથા સુખ પહોંચજો! જે ગુજરેલાંની નૈયતે હું ક્રિયા કરૂં છું, તેને હું યાદ કરૂં છું. સ્પીત-માન જરથોસ્તનાં, એસ્ફંદીઆરનાં, લોહરાસ્પના દીકરા પાદશાહ ગુશતા-સ્પનાં, જામાસ્પ હકીમનાં, અર્દા-વિરાફનાં, આદરબાદ મારાસ્પંદનાં, મોબેદો શાપુર, શહેરીયાર, હોરમઝ-દયાર, અને નેરીયોસંગ ધવલનાં,

૬૮૦ ગુજરેલાંની યાદને માટે!

ભણવાનો કરદાનો સાર.

એરવદ રામીયારના બહેશતી રવાનોની આ ઠેકાણે હું યાદ કરૂં છું. એ ક્રિયા કરવાને ફરમાવનારને સવાબનો હિસ્સો પહોંચો! મા, બાપ, વડવા, ફરઝંદો, સગાં વહાલાંના રવાનોને હું અહિયાં યાદ કરૂં છું. આ ક્રિયા કરવાને ફરમાવનારને દુનિયાના તમામ ભલાંઓના સવાબમાં હિસ્સો મળજો!

પાક દાદાર અહુરમજદનાં
૧૦૧ નામ.

૧ **યજદ**—સેતાયશ કરવા લાયક.

૨ **હરવેસપતવાંન**—સર્વ શક્તિમાન.

૩ **હરવેસપઆગાહ**—સર્વ-જ્ઞાની.

૪ **હરવેસપખોદા**—સર્વનો સાહેબ

૫ **અબદહ**—શરૂઆત વગરનો.

૬ **અબઅનજાંમ**—છેડા વગરનો.

૭ **બુનેશતહ**—મુળોનું મુળ (સર્વનું મુળ).

૮ **ફ્રરાક્ષતનહ**—પુછવા લાયક.

૯ **ચમગ**—સર્વે કારણોનો કર્તા.

૧૦ **પરજતરહ**—વધારે બુલંદ.

૧૧ તુમ અફીજેહ—પાકીનું મુળ.

૧૨ અબરવંદ—દરેકથી અલગ.

૧૩ પરવંદા—બધા સાથે સંબંધ રાખનાર.

૧૪ અનઅયાફેહ—કોઇથી પામી શકાય નહિ તેવો.

૧૫ હમઅયાફેહ—બધાંને પામી જનાર.

૧૬ આદરો—પ્યારો; આદર માનવાળો.

૧૭ ગીરા—બધાંને પકડી રાખનાર.

૧૮ અચેમ—સબબ વગરનો.

૧૯ ચમના—સબબોનો સબબ.

૨૦ **સફના**—વૃદ્ધિ કરનાર.

૨૧ **અફજા**—જીઆદતી કરનાર.

૨૨ **નાશા**—બધાને પહોંચનારો.

૨૩ **પરવરા**—પોષણ કરનાર.

૨૪ **યાનેહ**—પાસ્બાન.

૨૫ **આઇન-આઇનેહ**—આકારો આપનાર.

૨૬ **અનઆઇનેહ**—આકાર વગરનો

૨૭ **ખરોશીદતુમ**—કદમાં કદ.

૨૮ **મીનોતુમ**—સૌથી આગુદીઠ.

૨૯ **વાસના**—પરવરેશ કરનાર.

૩૦ **હરવસતુન**—તમામમાં તમામ.

૩૧ **હુસેપાસ**—શુકરાના કરવા લાયક.

૩૨ હરહીમીહ—સર્વેની આશા એનાજ ઉપર.

૩૩ હરનીકફ્રેહ—તમામ ભલું ખોરેહ રાખનાર.

૩૪ બેશાતરના—દુઃખ દફે કરનાર.

૩૫ તરોનીશ—ખરાબી તોડનાર.

૩૬ અનોશક—અમર્ગ.

૩૭ ફ્રરશક—આગળ વધનાર.

૩૮ પજોહદેહ—બારીક તપાસ કરનાર.

૩૯ ખાફ્રરા—મહેરબાન.

૪૦ અવખશાએઆ—મહેરબાની બખશનાર.

૪૧ **અબરજા**-ઘણોજ બુલંદ.

૪૨ **અસેતોહ**-આજેજ નહિ
થાય તેવો.

૪૩ **રખોહ**-આસાયશથી નીરાળો.

૪૪ **વરૂન**-ખરાબીથી બચાવનાર.

૪૫ **અફરેફહ**-નહીં-ઠગનાર.

૪૬ **એફરેફતહ**-નહીં-ઠગાનાર.

૪૭ **અહવી**-દ્વેશ વગરનો.

૪૮ **કામરદ**-સાહેબીની ઇચ્છાવાળો

૪૯ **ફરમાંન કામ**-ફરમાનની
ઈચ્છાવાળો.

૫૦ **આયેખતન**-વગર શરીકનો;
એકતા.

૫૧ **અફ્રમોશ**—નહી—ભુલી જનાર.

૫૨ **હમારના**—શુમાર કરનાર.

૫૩ **શનાએયા**—પીછાણને લાયક.

૫૪ **અતરસ**—વગર બીકનો.

૫૫ **અબેશ**—દુઃખ વગરનો.

૫૬ **અફરાજદુમ**—ઘણોજ બુલંદ.

૫૭ **હમચુન**—હંમેશ એકજ સરખો.

૫૮ **મીનોસતેગર**—મીનોઈ જેહાંન પેદા કરનાર.

૫૯ **અમીનોગર**—ગેતીનો પેદા કરનાર.

૬૦ **મીનોનહબ**—મીનોઈમાં છુપાયલો.

૬૧ આદર બાદગર--આતશની
હવા કરનાર.
૬૨ આદર નમગર--આતશનું
પાણી કરનાર.
૬૩ બાદ આદરગર--હવાનો
આતશ કરનાર.
૬૪ બાદ નમગર--હવાનું પાણી
કરનાર.
૬૫ બાદ ગેલગર--હવાનો ખાક
કરનાર.
૬૬ બાદ ગેરદતુમ--હવા અને
ખાક પેદા કરનાર.
૬૭ આદર કીબરીતતુમ--આત-
શનો જવાહીર કરનાર.

૬૮ **બાદ ગરજાએ**--દરેક ગમ હવા
રાખનાર.

૬૯ **આબ તુમ**--પાણીનું મુળ પેદા
કરનાર.

૭૦ **ગેલ આદરગર**--ખાકનો
આતશ કરનાર.

૭૧ **ગેલ વાદગર**--ખાકની હવા
કરનાર.

૭૨ **ગેલ નમગર**--ખાકનું પાણી
કરનાર.

૭૩ **ગરગર**--કારીગરનો કારીગર.

૭૪ **ગરઓગર**--મુરાદ બખશનાર.

૭૫ **ગરઆગર**--ઈન્સાન અને તેનાં
કામને પેદા કરનાર.

૭૬ **ગરઆગરગર**--માણસ અને ગોસ્પંદને પેદા કરનાર.

૭૭ **અગરાગર**--ચારે અનાસરોને પેદા કરનાર.

૭૮ **અગરાગરગર**--સેતારાઓને પેદા કરનાર.

૭૯ **અગુમાંન**--બેશક.

૮૦ **અજમાંન**--જમાના વગરનો.

૮૧ **અખુઆંન**--ઉંઘ વગરનો.

૮૨ **અમસત**--હુશીયાર; ખબરદાર.

૮૩ **ફ્રશુતના**--વૃદ્ધિ કરનાર.

૮૪ **પદમાંની**--મિજાન રાખનાર.

૮૫ **પીરોજગર**--ફતેહમંદ.

૮૬ **ખુદાવંદ**--સૃષ્ટિનો સાહેબ.

૮૭ **અહુરમજદ**--મહાજ્ઞાની સાહેબ.

૮૮ **અબરીન કુહનતવાંન**--પહેલાંથી અને હદ વગરના જમાનાથી પેદાએશો ઉપર શક્તી ધરાવનાર.

૮૯ **અબરીન નોતવાંન**--હદ વગરના જમાનાથી ફરીફરીથી પેદાએશો ઉપર શકતી ધરાવનાર.

૯૦ **વસપાંન**--સઘળાં ઉપર ફતેહ મેલવનાર.

૯૧ **વસપાર**--તમામ લાવી આપનાર.

૯૨ **ખાવર**--મહેરબાન.

૯૩ અહુ--હસ્તીનો સાહેબ.
૯૪ અવખશીદાર--મારી બખશનાર.
૯૫ દાદાર--પેદા કરનાર.
૯૬ રાયોમંદ--ઝળકાટથી ભરપુર.
૯૭ ખોરેહમંદ--ખોરેહથી ભરપુર.
૯૮ દાવર--ઈન્સાફ આપનાર.
૯૯ કેરફેગર--સવાબનો સાહેબ.
૧૦૦ બોખતાર--છુટકારો કરનાર.
૧૦૧ ફરશોગર--ફરશોગર્દ કરનાર.

નોંધ.

નોંધ.

આવૃત્તિ ૧ લી (૪) ૫-૧૨-૭૩,
૨ જી (૪) ૧-૧૨-૭૮, ૩ જી (૮)
૮-૧૨-૭૯, ૪ થી (૬) ૧-૧૧-૮૨,
૫ મી (૬) ૧-૫-૮૫, ૬ઠી (૩ ૧/૨)
૧-૧-૮૮, ૭ મી (૪) ૧-૯-૯૧,
૮ મી (૩) ૧-૬-૯૫.

Published by M. J. Karani, Parsi
Bazar, Fort. Bombay.

Printed by P. C. Appoo, at the
New Art Printing Press.

No. 204-226, Mapla's Compound,
Bora Bazar, Fort, BOMBAY.